# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 31 માર્ચે રાજ્યની મુલાકાતે, પ્રધાનમંત્રી 18 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં પોલીસ આવાસો માટે એક સમાન ફ્લેટ એલોટમેન્ટ સ્કીમ અમલમાં મુકાશે.**
3. **પોરબંદરમાં આજથી માધવપુર ઘેડ મેળાનો પ્રારંભ થશે.**
4. **રાજ્યમાં ભર ઉનાળે માવઠાની આગાહી: આગામી ૨૯ અને 30 માર્ચે વરસાદની વકી.**
5. **રાજ્યના વિવાન દવે ૧૫વર્ષથી ઓછી વયજૂથની રાષ્ટ્રીય ટેબલ ટેનિસ સ્પર્ધામાં બે સુવર્ણ સહિત ત્રણ ચંદ્રક જીત્યા.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# Pm –Gujrat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 માર્ચે વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકાના નાણી ખાતે આવશે.પ્રધાનમંત્રી 18 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ કાર્યક્રમ અંગે વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે . કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ , મંત્રી પ્રવીણ માળી અને મંત્રી સ્વરૂપજી ઠાકોરે નાણી ખાતે સ્થળની મુલાકાત લીધી હતી અને સુરક્ષા તેમજ જન સુવિધાના આયોજનની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણ માળી આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ,

( બાઈટ.... પ્રવીણ માળી મંત્રી )

----------

બનાસકાંઠા- મિત્તલ –મોનાલી

# SANGHVI POLICE AWAS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , રાજ્યમાં પોલીસ આવાસો માટે એક સમાન ફ્લેટ એલોટમેન્ટ સ્કીમ અમલમાં મુકાશે.સુરતમાં 116 કરોડ રૂપિયાના ખર્ચે પોલીસ વિભાગના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં પોલીસઆવાસ, હોર્સ રાઈડીંગ શાળા , પુસ્તકાલય, પોલીસ મથક સહિતના કામોનું લોકાર્પણ અને લાજપોર જેલમાં કિચનર્સ બેરેકનું ખાતમુહુર્ત કરાયું.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે દેશના ઇતિહાસમાં પહેલીવાર કોઈ રાજ્ય સરકારે કોન્સ્ટેબલ પરિવારજનો માટે એકસાથે 20 હજારથી વધુ મકાનો બનાવવાનો નિર્ણય કર્યો છે.જે પોલીસ કર્મચારીની અરજી વહેલી હશે તેને પ્રાથમિકતાના ધોરણે પારદર્શક રીતે આવાસની ફાળવણીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

**(Byte: Harsh Sanghvi, Deputy Chief Minister)**

----------

પીટીસી- સુરત – મિત્તલ – મોનાલી

# GUJCOST STEM

અમદાવાદના સાયન્સ સિટી ખાતે ગુજરાત વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદ-ગુજકોસ્ટ દ્વારા ‘નેશનલ STEM ક્વિઝની ચોથી આવૃત્તિનો ગ્રાન્ડ ફિનાલે યોજાયો હતો. જેમાં વિજેતાઓને 2 કરોડનાં ઇનામો એનાયત કરાયા હતાં. આ સ્પર્ધામાં વિવિધ રાજ્યો અને શૈક્ષણિક બોર્ડમાંથી કુલ 15 લાખ એક હજાર 249 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી.

આ પ્રસંગે **GUJCOST**નાં એડવાઈઝર અને મેમ્બર સેક્રેટરી નરોત્તમ સાહુએ જણાવ્યું કે,વિજેતા વિદ્યાર્થીઓ માટે આ પ્રતિયોગીતાએ ઉજ્જવળ કારકીર્દીના માર્ગો ખોલ્યાં છે.

( બાઈટ – નરોત્તમ સાહુ, **GUJCOST**)

દેશભરમાંથી કુલ એક હજાર 78 વિદ્યાર્થીઓ ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચ્યા હતા, જેમાંથી 918 વિદ્યાર્થીઓ ગુજરાતમાંથી અને 160 વિદ્યાર્થીઓ અન્ય રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી હતા.

----------

**INFO = MAYUR = SHIRALI**

# Tapi seminar

તાપીમાં મહિલા પોલીસ કર્મચારીઓ માટે 'કામકાજના સ્થળે જાતીય સતામણી નિવારણ' અંગે સેમિનાર યોજાયો.

આ કાર્યક્રમમાં મહિલા કર્મચારીઓને 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ ' વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે એક્શન એઇડ સંસ્થાના સ્ટેટ લીડ સુશિલા પ્રજાપતિએ હાજર રહી કાયદાની વિવિધ જોગવાઈઓ સમજાવી હતી. તેમણે જાતીય સતામણીના પ્રકારો , આંતરિક સમિતિ અને લોકલ કમિટીની રચના તેમજ તેની કાર્યપદ્ધતિ વિશે માહિતી આપી હતી.

----------

તાપી–મિત્તલ –મોનાલી

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# madhavpur melo

પોરબંદરમાં આજથી માધવપુર ઘેડ મેળાનો પ્રારંભ થશે.શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીના વિવાહ ઉત્સવ સમાન આ મેળામાં "એક ભારત ,શ્રેષ્ઠ ભારત "ની વિષયવસ્તુ હેઠળ આ વર્ષે વિશેષ આયોજન કરાયું છે.

મેળા દરમિયાન પશ્ચિમ અને ઉત્તર-પૂર્વના રાજ્યોના લોકનૃત્ય , લોકસંગીત અને રેતી કલા પ્રદર્શન તેમજ રમતગમતની પ્રવૃત્તિઓ યોજાશે. મેળાને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. મેળામાં 11 સ્થળો પરથી લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પોરબંદરના માધવપુરના દરિયા કિનારે આજથી 30 માર્ચ દરમિયાન બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ યોજાશે. ગુજરાત રમતગમત સત્તામંડળ તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા યોજાનાર આ ફેસ્ટિવલ અંતર્ગત બીચ ફૂટબોલ , બીચ કબડ્ડી, 100 મીટર દોડ તેમજ પરંપરાગત અખાડા કુસ્તી જેવી સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. જેમાં રાજ્યના 650થી વધુ ખેલાડીઓ જોડાશે.

----------

ડેસ્ક - કરણ મકવાણા –મોનાલી

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી દિવસોમાં માવઠાની આગાહી કરી છે. આગામી 29 અને 30 માર્ચ આ બે દિવસ યલો એલર્ટ સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉતર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. 29 અને 30 માર્ચે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદમાં, મહીસાગરમાં કમોસમી વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું કે , બે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થતા માવઠાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું કે

( બાઇટ એ કે દાસ હવામાન વિભાગના નિયામક)

(રાજ્યમાં ભર ઉનાળે માવઠાની આગાહી: આગામી ૨૯ અને ૩૦ માર્ચે વરસાદની વકી)

----------

અમદાવાદ–મિત્તલ –મોનાલી

# National table tennis

રાજ્યના વિવાન દવે ૧૫વર્ષથી ઓછી વયજૂથની રાષ્ટ્રીય ટેબલ ટેનિસ સ્પર્ધામાં બે સુવર્ણ સહિત ત્રણ ચંદ્રક જીત્યા.

રાજ્યની ૧૫ વર્ષથી ઓછી વયજૂથના ટીમને સુવર્ણ ચંદ્રક જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવ્યા બાદ , વિવાન દવેએ ૧૫ વર્ષથી ઓછી વયજૂથના બોઈઝ સિંગલ્સની ફાઈનલમાં હરિયાણાના વત્સલ દુક્લાનને ૩-૨થી હરાવીને આંતર રાજ્ય સબજુનિયર અને કેડેટ રાષ્ટ્રીય ટેબલ ટેનિસ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

ગુજરાતને ૧૩વર્ષથી ઓછી વયજૂથના બોઈઝ ડબલ્સ કેટેગરીમાં દેવ ભટ્ટ અને ધ્રુવ ભંભાણીએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો .વિવાન દવે અને દેવ ભટ્ટની જોડીએ ૧૫ વર્ષથી ઓછી વયજૂથના બોઈઝ ડબલ્સમાં પણ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

----------

ડેસ્ક- મિત્તલ –મોનાલી

# Bhavnagar ursh

ભાવનગરના ઘોઘા ખાતે આવતીકાલે હજરત ઝમીર ચોભાપીર સરકારનો ઉર્ષ ઉજવાશે.

દાણાપીઠ વિસ્તારમાં આવેલ મેમણ મસ્જીદ ખાતેથી સાંજે સંદલ શરીફનું જુલુસ સાંજે દરગાહ શરીફ પર લાવવામાં આવશે. ઉર્ષ પ્રસંગે કવ્વાલીના મુકાબલાનુ આયોજન કરવામાં આવેલ છે.

----------

ભાવનગર-મિત્તલ –મોનાલી

# RAAMNAVMI- DIST.

સમગ્ર ભારતની સાથે સાથે રાજ્યમાં રામનવમીનો તહેવાર ખૂબ જ ભક્તિભાવ પૂર્ણ ઉજવાયો.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતેના દંડકેશ્વર મહાદેવ મંદિરમાં,તેમજ શબરી ધામ સુબીર અને વઘઇ મંદિર ખાતે તેમજ પોરબંદરના રઘુનાથજીના મંદિરે પૂજા અર્ચના તેમજ રામ ધૂનના કાર્યક્રમો યોજાયા હતા.

તો વલસાડમાં રેલવે ગોદી ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અયોધ્યાના રામ મંદિર જેવી જ 'રામલલા'ની નવી મૂર્તિ મુખ્ય આકર્ષણ રહી હતી,

પંચમહાલ જિલ્લાના ગોધરામાં તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું . જેમાં મોટી સંખ્યામાં રામ ભક્તો જોડાયા હતા.

----------

પીટીસી- ડાંગ-વલસાડ-દીવ- પોરબંદર-પંચમહાલ- રીટા દવે –મોનાલી

# MAHUDO- VALSAD

વલસાડ જિલ્લાના કપરાડા તેમજ નાનાપોંઢા સહિતના જંગલ વિસ્તારોમાં ઉનાળાની શરૂઆતથી મહુડાના ફૂલ પડવાની સિઝન શરૂ થતાં જિલ્લાના આદિવાસી પરિવારોમાં આનંદનો માહોલ સર્જાયો છે. આ પરિવારો મહુડાના ફૂલ વીણી, તેને સુકવીને બજારમાં વેચી આર્થિક સહારો મેળવે છે.

સ્થાનિક લોકો માટે આ સમય આવકનો મહત્વનો સ્ત્રોત બને છે. તેથી જ આ વૃક્ષને "કલ્પવૃક્ષ" તરીકે ઓળખવામાં આવે છે. મહુડાના ફૂલોથી પરંપરાગત વાનગીઓ તથા સ્થાનિક પેય બનાવવામાં આવે છે. જે સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગી બને છે.

મહુડાના બીજને સ્થાનિક ભાષામાં ડોળી કહે છે. જેમાંથી કાઢવામાં આવતું તેલ રસોઈ તેમજ ઔષધીય ઉપયોગ માટે કામ લાગે છે. જ્યારે પાંદડાં અને છાલનો પણ દવા રૂપે ઉપયોગ થતો હોવાથી તેનું ખૂબ મહત્વ છે.

----------

પીટીસી- વલસાડ-રીટા દવે –મોનાલી

# SP. SUMMER TRAIN –RAJKOT

**પશ્ચિમ રેલવે રાજકોટ થી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન દોડાવશે. આ ટ્રેન રાજકોટ થી દર સોમવારે રાત્રે 10-30 કલાકે ઉપડશે અને બુધવારે સવારે 05.15 કલાકે લાલકુઆં પહોંચશે. વળતી ટ્રેન દર રવિવારે લાલકુઆંથી બપોરે 12.35 કલાકે ઉપડશે અને બીજા દિવસે 6.10 કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન 6 એપ્રિલ થી 27 એપ્રિલ, 2026 સુધી ચાલશે.વધુ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.**

----------

પીટીસી- રાજકોટ–રીટા દવે –મોનાલી